# અંકુશ રેખા પર ભીષણ ગોળીબાર

નવી દિલ્હી, તા. ૬

પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ કાશ્મીરના પુંચ સેક્ટરમાં અંકુશરેખા પર ભારતીય ચોકી પર છુપીરીતે ભીષણ હુમલો કરતા પાંચ જવાનો શહિદ થયા છે. સંરક્ષણ સુત્રોએ માહિતી આપતા કહ્યુ છેકે પાકિસ્તાની સૈનિકો ભારતીય સરહદની અંદર ઘૂસણખોરી કરી હતી અને નિયંત્રણરેખાની ભારતીય બાજુએ સરલા ચોકી પર છુપો હુમલો કરી દીધો હતો. પાકિસ્તાની સૈનિકોએ યુદ્ધવિરામનો ભંગ કરીને આ મોટો હુમલો કર્યા બાદ ભારતે આ અંગે જોરદાર નારાજગી વ્યક્ત કરી છે. પાકિસ્તાનના ડેપ્યુટી હાઈ કમિશનર મનસુર અહેમદ ખાને આજે ભારત સરકાર દ્વારા બોલાવવામાં આવ્યા હતા અને અંકુશરેખા પર ભારતીય સૈનિકોના મોતના મામલે જોરદાર નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. ખાનને વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ રુદેદ્ર ટંડન દ્વારા સાઉથ બ્લોકમાં બોલાવવામાં આવ્યા હતા અને મજબુત રાજદ્વારી સંદેશ આપવામાં આવ્યો હતો. એમ માનવામાં આવે છે કે પાકિસ્તાની સેનાના જવાનો ભારતીય સરહદની ૫૦૦ મિટર સુધી અંદર ઘૂસી ગયા હતા અને સરલા ચોકી પર બિન ઉશ્કેરણીજનક ગોળીબાર કર્યો હતો. જમ્મુ કાશ્મીરના સાંબા જિલ્લામાં ભારત પાકિસ્તાન સરહદ પર કરાયેલા ગોળીબારમાં બીએસએફના જવાનોને ઈજા થયા બાદ આ બનાવ બન્યો હતો. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલાએ પણ પાંચ સૈનિકોના મોતને સમર્થન આપ્યું છે. ઓમર અબ્દુલાએ આજે સવારે સોસિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વીટર ઉપર જણાવ્યું હતું કે આજે સવારમાં પાંચ સૈનિકોના મોતના અહેવાલ તેમને મળ્યા છે. એલઓસી ઉપર પાકિસ્તાની સૈના દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. સોમવારે મોડી રાત્રે છૂપો હુમલો પાકિસ્તાની સૈનિકોએ કર્યો હતો. આ સંબંધમાં વધુ માહિતી હજુ સુધી મળી નથી પરંતુ છેલ્લા ઘણા સમયથી પાકિસ્તાની સૈનિકો દ્વારા વારંવાર યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો છે જેના પરિણામે ત્રાસવાદીઓ ઘૂસણખોરી કરવામાં પણ કેટલાંક અંશે સફળ રહ્યા છે. યુદ્ધ વિરામના મોટા ભંગ તરીકે આને ગણવામાં આવે છે. પાકિસ્તાની સૈનિકો ભારતીય પ્રદેશની અંદર ઘૂસી ગયા હતા અને ચાકનદા બાગ વિસ્તાર નજીક પેટ્રોલ એરિયામાં છૂપો હુમલો કર્યો હતો. જુલાઈ મહિનામાં પાકિસ્તાની સૈનિકો દ્વારા બિનઉશ્કેરણીજનક રીતે અંકુશ રેખા પર અનેક વખત ગોળીબાર કરવામાં આવ્યો છે જેની સામે ભારતે વારંવાર વાંધો ઉઠાવ્યો છે પરંતુ પાકિસ્તાન દ્વારા યુદ્ધ વિરામનો ભંગ જારી રાખવામાં આવ્યો છે.

## પાકિસ્તાન સેનાના વેશમાં આતંકવાદીઓનો હુમલો

અંકુશરેખા પર પાકિસ્તાની સૈનિકોએ જોરદાર હુમલો કરીને પાંચ ભારતીય જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ હવે સેના પગલા લેવાની વાત કરી રહી છે. જ્યારે પણ હુમલો થાય છે ત્યારે આ પ્રકારના નિવેદનો ભારતીય નેતાઓ કરે છે પરંતુ સામાન્ય લોકોમાં હવે એવી ચર્ચા છે કે પાકિસ્તાનને યોગ્ય જવાબ મળવો જોઈએ. આજે સૈનિકોએ કરેલા હુમલા બાદ સંસદના બંને ગૃહોમાં નિવેદન કરતા સંરક્ષણમંત્રી એકે એન્ટોનીએ કહ્યુ હતુકે અંકુશરેખાની ભારતીય બાજુ પર આ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં પાંચ જવાનો શહિદ થયા બાદ લોકસભા અને રાજ્યસભામાં હુમલા અંગે સત્તાવાર નિવેદન કરાયુ હતુ. એન્ટોનીએ કહ્યુ હતુકે પાકિસ્તાની આર્મી યુનિફોર્મમાં આવેલા આ લોકોએ હુમલો કર્યો હતો. હુમલો કરનારમાં ૨૦થી વધુ સશસ્ત્ર આતંકવાદી હોવાનું પણ જાણવા મળ્યુ છે. એન્ટોનીએ ખાતરી આપી હતી કે અમારી સેના અંકુશરેખાના રક્ષણમાટે તમામ પગલા લેવા સંપૂર્ણપણે તૈયાર છે. રાજદ્વારી ચેનલ મારફતે સૌથી પહેલા ચેતવણી આપવામાં આવી છે.

## આરબીઆઈના નવા ગવર્નર તરીકે રઘુરામ રાજનની નિમણૂંક

મુંબઈ,તા. ૬

મુખ્ય આર્થિક સલાહકાર રઘુરામ જી રાજનની આજે આરબીઆઈના આગામી ગવર્નર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો છે. રાજન ડી સુબ્બારાવની જગ્યા લેનાર છે. સુબ્બારાવ ચોથી સપ્ટેમ્બરના દિવસે તેમની પાંચ વર્ષની અવધિ પૂર્ણ કરનાર છે. રિઝર્વ બેંકના તેઓ ર ૩માં ગવર્નર બનશે. સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે વડાપ્રધાન મનમોહનસિંહે આરબીઆઈના ગવર્નર તરીકે રઘુરામ રાજનની નિમણૂંકને લીલીઝંડી આપી દીધી છે. તેમની અવધિ ત્રણ વર્ષની રહેશે. ડોલર સામે રૂપિયામાં હાલમાં થઈ રહેલા ઘટાડાને સ્થિર કરવાની તેમની સામે મુખ્ય જવાબદારી રહેશે. આ ઉપરાંત નવા વૈશ્વિક પર્યાવરણમાં તેમની સામે કેટલાક નવા પડકારો રહેશે. આરબીઆઈના નવા વડા તરીકે રાજન સામે સૌથી મોટો પડકાર ડોલર સામે રૂપિયામાં થઈ રહેલી પડતીને કઈ રીતે રોકવી તે રહેશે. રાજન આઈએમએફના ભૂતપૂર્વ મુખ્ય અર્થશાસ્ત્રી છે. તેમની ઓગસ્ટ મહિનામાં નાણાં મંત્રાલયમાં મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી રૂપિયામાં પડતી ઊપરાંત અર્થતંત્રમાં મંદી, વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે વિકાસમાં તેજી લાવવાની બાબત તેમની સામે પડકાર સમાન રહેશે. આઈઆઈએમ અમદાવાદ અને આઈઆઈટી દિલ્હીમાં અભ્યાસ કરી ચુકેલા રાજને ટેકનોલોજીમાં વિશેષરીતે ડોક્ટરેટની ડિગ્રી મેળવી છે.

## પાકિસ્તાની હુમલાઓ બાદ આજે સંસદમાં ભારે ધાંધલ ધમાલ

નવી દિલ્હી, તા. ૬

પૂંચ સેક્ટરમાં ભારતીય ચોકી પર પાકિસ્તાની હુમલાઓ બાદ આજે સંસદમાં પણ આ મુદ્દે ગુંજ રહી હતી. તમામ રાજકીય પક્ષોએ આ અંગે આકરી પ્રતિક્રિયાઓ આપી હતી અને પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવા રજુઆત કરવામાં આવી હતી. સંસદમાં ભારે ધાંધલ ધમાલ આને લઈને થઈ હતી. એક બાજુ યુદ્ધવિરામના પાકિસ્તાન દ્વારા ભંગ અંગે પ્રતિક્રિયા આપતા શિવસેનાના પ્રવક્તા સંજય રાવતે કહ્યુ હતુ કે પાકિસ્તાનને બોધપાઠ ભણાવવા માટે તેના ૫૦ સૈનિકોને મોતને ઘાટ ઉતારવાની જરૂર છે. સોમવારે મોડી રાત્રે પાકિસ્તાની સેનાએ ભારતીય ચોકી પર છુપો હુમલો કર્યો હતો. સંજય રાવતે કહ્યુ હતુ કે પાકિસ્તાન સાથે ખૂબજ કઠોર વલણ અપનાવવાની જરૂર છે. ભારતીય જવાનોએ પાકિસ્તાનના ૫૦ સૈનિકોને મોતને ઘાટ ઉતારીને બદલો લેવો જોઈએ. પાકિસ્તાની સેના નજીવા પગલાથી બોધપાઠ લેશે નહીં. દરમિયાન સંસદમાં આને લઈને જોરદાર રજુઆત કરાઈ હતી અનેક નેતાઓએ સરકાર પાસેથી જવાબની માંગ કરી હતી. ભાજપે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુકે જમ્મુ કાશ્મીરના પુંચમાં હુમલો કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન સાથે ભારતે તમામ પ્રકારની વાતચીત અટકાવવી જોઈએ. ભાજપના નેતા શાહનવાઝ હુસૈને કહ્યુ હતુકે પાકિસ્તાન સાથે વાતચીત યોજાવી જોઈએ નહીં. સરકારે પાકિસ્તાન પર તીવ્રરીતે દબાણ વધારવું જોઈએ. લોકસભાના અધ્યક્ષ મીરાકુમારને ભાજપના નેતાઓ મળ્યા હતા અને ગૃહમાં સરકાર પાસેથી નિવેદનની માંગ કરી હતી. યશવંત સિંહાને આ મામલે બોલવાની તક આપવી જોઈએ તેમ હુસૈને રજુઆત કરી હતી. ભારત અને પાકિસ્તાન આ મહિનામાં જ અટવાઈ પડેલી મંત્રણા પુનઃ શરૂ કરનાર છે. આવા સમયમાં આ હુમલો સમસ્યા સર્જી શકે છે. વડાપ્રધાન મનમોહનસિંહ અને નવા પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફ સપ્ટેમ્બરમાં જ ન્યૂયોર્કમાં મળનાર છે. સંબંધોને સામાન્ય બનાવવાની દિશામાં વાતચીત આગળ વધશે.

## પાકિસ્તાનથી બોગસ નોટ પણ ઘૂસાડાય છે : કેન્દ્રની કબૂલાત

નવી દિલ્હી, તા. ૬

પાકિસ્તાની સેના દ્વારા એક બાજુ ઘૂસણખોરી અને યુદ્ધવિરામનો ભંગ વારંવાર થઈ રહ્યો છે. બીજી બાજુ ભારતીય અર્થતંત્રને અસ્થિર કરવાના હેતુસર પાકિસ્તાનથી બનાવટી નોટ પણ ભારતમાં ઘૂસાડવામાં આવી રહ્યા છે. વાયા ચીન અને નેપાળ મારફતે પાકિસ્તાનમાં પ્રિન્ટેડ બનાવટી ભારતીય નોટ ઘૂસાડવામાં આવી રહ્યા છે. સંસદમાં એક લેખિત જવાબમાં કેન્દ્રિય નાણાં રાજ્યપ્રધાન નમો નારાયણ મિણાએ કહ્યુ હતુ કે ગૃહ મંત્રાલયે હાલમાં જ એવી માહિતી આપી હતી કે બનાવટી નોટ ભારતીય પ્રદેશમાં ઘૂસાડવાના દાખલા બન્યા છે. મિણાએ એમ પણ કહ્યુ હતુ કે પાકિસ્તાન સ્થિત એફઆઈસીએન સપ્લાયર દ્વારા આ પ્રકારના પ્રયાસો થયા છે. ભારતમાં બનાવટી નોટ ઘૂસાડવાના બનાવો નવા નથી. ભૂતકાળમાં પણ પાકિસ્તાન દ્વારા આવા પ્રયાસો થતા રહ્યા છે. પ્રધાને ઉમેર્યુ હતુ કે એફઆઈસીએન દ્વારા જમીન, હવાઈ અને દરિયાઈ માર્ગ મારફતે બનાવટી નોટ ઘૂસાડવાના પ્રયાસો કરાયા છે. નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, પશ્ચિમ એશિયા, દક્ષિણપૂર્વ એશિયા જેવા પડોશી દેશો અને ભારત પાક સરહદ રૂટનો ઉપયોગ આના માટે કરાયો છે. આ પ્રકારની પ્રવૃત્તિને રોકવા માટે સીબીઆઈ, આરબીઆઈ અને નાણાંમંત્રાલય દ્વારા કામ કરવામાં આવી રહ્યુ છે. સરકારે ૩૦મી જૂન ૨૦૧૩ના દિવસે ૧.૯૯ લાખની બનાવટી નોટો જેની કિંમત ૧૦.૧૪ કરોડની હતી તે જપ્ત કરાઈ હતી. આંતરરાષ્ટ્રીય સરહદ પર કેટલાક એવા સ્થળો છે જે ભારતમાં બનાવટી નોટ માટેના મોટા રૂટ તરીકે છે.

## તીવ્ર વેચવાલી વચ્ચે ૪૪૯ પોઈન્ટનો નોંધપાત્ર ઘટાડો

મુંબઈ, તા. ૬

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૪૪૯ પોઈન્ટ ઘટીને ૧૮૭૩૩ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૪૩ પોઈન્ટ ઘટીને ૫૫૪૨ની સપાટીએ રહ્યો હતો. સેન્સેકસે ૧૯૦૦૦ની સપાટી ગુમાવી દેતા ભારે ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ. ટેકનિકલ નિષ્ણાંતોના જણાવ્યા મુજબ બજારમાં હજુ ઉથલપાથલનો દોર જારી રહેશે. આરબીઆઈ રૂપિયામાં પડતીને રોકવા માટે કેટલાક વધુ પગલા જાહેર કરી શકે છે. એશિયન બજારોમાં પણ ભારે અફડાતફડી રહી હતી. હેંગસેંગમાં ૧.૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૫ ટકાનો સુધાર રહ્યો હતો. યુરોપિયન બજારોમાં ફ્લેટ કારોબાર જોવા મળ્યો હતો. રિઝર્વબેંક અને નાણાં મંત્રાલય દ્વારા હાલમાં પગલા લેવામાં આવી રહ્યા છે. બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં ૫.૬ ટકાનો મોટો ઘટાડો રહ્યો હતો. જ્યારે રિયાલિટી, બેકેક્સ, મેટલ, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, પાવર, એફએમસીજી, હેલ્થકેર ઈન્ડેક્સમાં ૧-૪.૬ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. ઈન્ડેક્સ હેવીવેટ રિલાયન્સમાં ૨.૪ ટકા અને આઈટીસીમાં ૧.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. ફાઈનાન્સિયલ શેરમાં ભારે વેચવાલી જોવા મળી હતી. એચડીએફસી બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. આ બંનેમાં ચાર ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજાજ ઓટોમાં ૩.૫ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. સેન્સેકસના અન્ય જે શેરમાં મોટો ઘટાડો રહ્યો હતો તેમાં ભારતી એરટેલ, ઓએનજીસીનો સમાવેશ થાય છે. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપમાં ૧.૮-૨.૬ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ નકારાત્મક રહી હતી. ૧૫૯૯ શેર મંદીમાં અને ૬૫૫ શેર તેજીમાં રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં ફરી મંદીનું મોજું ફળી વળ્યું છે. આજે સવારના કારોબાર દરમિયાન રૂપિયો ૬૧.૧૨ની રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગયા બાદ કારોબારીઓમાં ખળભળાટ મચી ગયો હતો. સેન્સેક્સ પણ શરૂમાં ૧૯૦ પોઈન્ટ ઘટીને ૧૮૯૯૨ની નીચી સપાટીએ પહોંચ્યો હતો જ્યારે નિફ્ટી ૬૮ પોઈન્ટ ઘટીને ૫૬૧૮ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. એશિયન શેરબજારમાં પણ મંદી રહી હતી. જો કે દિવસના અંતે શરૂઆત કરતા પણ મોટા આંકડા સાથે કારોબાર બંધ રહેતા વધુ અફડાતફડી જોવા મળી હતી.

## દુર્ગાએ માફી માંગવી જોઈએ : સપા પ્રધાન

લખનૌ, તા. ૬

આઈએએસ અધિકારી દુર્ગાશક્તિ નાગપાલના સસ્પેન્સનના મુદ્દે જોરદાર ખેંચતાણ અખિલેશ સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે ચાલી રહી છે. નાગપાલના સસ્પેન્સનને મુખ્યમંત્રી અખિલેશ યાદવે વાજબી ઠેરવ્યાના એક દિવસ બાદ વરિષ્ઠ પ્રધાન અહેમદ હસને સસ્પેન્ડ કરવામાં આવેલા અધિકારીને માંફી માંગવા કહ્યુ હતુ અને કહ્યુ હતુ કે મીડિયા અને અધિકારીઓ તેમના મુદ્દાને ઉઠાવીને તેમની પોતાની વિશ્વસનિયતાને નુકસાન કરી રહ્યા છે. અહેમદ હસને યાદવ અને અન્ય કેબિનેટ સાથીઓની હાજરીમાં કહ્યુ હતુ કે આ મુદ્દો બિનજરૂરીરીતે ઉછાળવામાં આવી રહ્યો છે. આનાથી મીડિયા અને અધિકારીની વિશ્વસનિયતાને અસર થઈ રહી છે. મુખ્યમંત્રીના આવાસ પર આયોજિત એક સરકારી કાર્યક્રમના લોન્ચ પ્રસંગે તેમણે આ મુજબની વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે બિનજરૂરી મુદ્દાને ચાગવવાની બાબત અયોગ્ય છે.

## ૧૭૨ શ્રદ્ધાળુનો નવો કાફલો અમરનાથ દર્શન માટે રવાના

જમ્મુ,તા. ૬

દક્ષિણ કાશ્મીર હિમાલયમાં પવિત્ર અમરનાથની ગુફામાં શિવલિંગના દર્શન કરવા માટે આજે સવારે ૧૭૨ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઈ હતી. છ વાહનોમાં આ કાફલો રવાના થયો હતો. ૧૭૨ શ્રદ્ધાળુઓની ૪૦મી બેચમાં પુરુષો અને મહિલાઓ ઉપરાંત બાળકો પણ હતા. વહેલી પરોઢે ૪.૪૦ વાગે ભગવતીનગર બેઝ કેમ્પથી આ તમામ શ્રદ્ધાળુઓ સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રવાના થયા હતા. બેચમાં ૧૨૬ પુરુષો અને ૧૨ મહિલાઓનો સમાવેશ થાય છે. પહેલગામ અને બલતાલના બે બેઝકેમ્પથી અમરનાથ યાત્રા હાલમાં આગળ વધી રહી છે. આજની બેચ સાથે જ જમ્મુ બેઝકેમ્પથી અમરનાથ માટે રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૫૧૨૨૪ ઉપર પહોંચી ચૂકી છે. અમરનાથ યાત્રાને ટાર્ગેટ બનાવવા ત્રાસવાદીઓ દ્વારા ધમકી આપવામાં આવી હોવા છતાં હજુ સુધી અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ રીતે પસાર થઈ છે જેથી યાત્રીઓને મોટી રાહત થઈ છે. સરકાર પણ સાવધાન બનેલી છે.

જમ્મુ કાશ્મીરમાં એક બાજુ સરહદ પર ઘૂસણખોરીના પ્રયાસો જારી રહ્યા છે જેથી અમરનાથ યાત્રા સામે હજુ પણ ખતરો તોળાઈ રહ્યો છે. યાત્રીઓની સાથે હાલમાં સુરક્ષાજવાનોને રાખવામાં આવી રહ્યા છે. હજુ સુધી યાત્રા સુરક્ષિતરીતે પાર પડ્યા બાદ તંત્રને આશા છે કે વાર્ષિક અમરનાથ યાત્રા શાંતિપૂર્ણરીતે પૂર્ણ થશે. પરંપરાગતરીતે અમરનાથ યાત્રા રક્ષાબંધનના દિવસે પૂરી થાય છે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં મોટા ભાગનાં જિલ્લાઓમાં વરસાદ પછી ઉઘાડ નીકળતાં ખેડૂતોએ હાશકારો અનુભવ્યો.
- મરચાં ખાવાથી હૃદયરોગમાં ફાયદો થાય છે.
- દેશભરમાં નદીમાંથી માટી ખોદકામ પર પ્રતિબંધ.
- કેરાલા-ઉત્તરાખંડમાં અતિભારે વર્ષા, ૧૬નાં મોત, કોચી એરપોર્ટ બંધ.
- પેટ્રોલ ફરી મોંઘુ થવાનાં એંધાણ, વૈશ્વિક સ્તરે મોંઘુ થવાથી.
- નોકરીની જગ્યાઓ પર દેશમાં પક્ષપાત વ્યાપક.
- અલગ બોડોલેન્ડની માંગ લઇને હિંસા ચાલુ, અસમમાં બંધની ગંભીર અસર.
- રોયલ એસ્ટેટ ક્ષેત્ર લાલચોળ વિશ્વભરમાં ભારત મોખરે.
- ખોરાકની શોધમાં સૌરાષ્ટ્રના ગ્રામવિસ્તારમાં ઘુસી જતાં ઘુડખરના ટોળા.
- ૩૭ ટકા એમ.પી.ફંડનો દેશમાં ઉપયોગ થયો નથી.
- પોરબંદરમાં અમૂલ બ્રાન્ડ ચોકલેટો સડેલી મળી, અંદર ઇયળો પણ જોવા મળી.
- કાશ્મીરથી જેસલમેર સુધી ૩૬ કલાકમાં ત્રણ વખત ધરતીકંપના આંચકા.
- ચીનમાં મેડીકલ શિક્ષણ ખર્ચ સૌથી ઓછો થાય છે.
- યુ.પી.એસ.સી.ની મુખ્ય પરીક્ષા પહેલી ડિસેમ્બરે યોજાશે.
- ૧૦૦ તહેવારોના પ્રવેશદ્વાર સમા દિવાસાની આજે ધર્મમય ઉજવણી.
- કેન્દ્રીય કર્મચારીઓ માટે નિવૃત્તવય મર્યાદા ૬૨ થવાના એંધાણ, લાલ કિલ્લાની રાત્રેથી થનારી જાહેરાતની શક્યતા.
- ડુંગળીના ભાવ કિલો ૩૦ થી ૩૫ વધીને ૪૦ થઇ ગયા.
- કેન્દ્રીય મંત્રીશ્રી દિનશા પટેલને હૃદયમાં દુઃખાવો, દવાખાનામાં દાખલ.
- ૭૦ ત્રાસવાદીઓએ ભારતમાં ઘૂસણખોરી કરી હોવાનો અહેવાલ.
- હવે આર્થિક પછાતવર્ગોને પણ અનામત આપવા કેન્દ્રીય કેબીનેટમાં તૈયારી.
- રાખડીમાં પણ મોંઘવારીનું ગ્રહણ, રૂા. ૫ થી ૫૦૦ સુધીની વેરાયટી.
- મધ્યપ્રદેશમાં મદ્રેસાઓમાં ભગવદ ગીતાના પાઠ ભણાવવાનું ફરજિયાત.
- કરજણ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટરને બાંધી સાત આરોપી ફરાર.
- આજથી શિવાલયો અને મંદિરમાં 'હરહર મહાદેવ' ગુંજશે.

## Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

કેટલાંક લોકોને મૈત્રીમાં પ્રેમ અને જીંદગીનો સાથીદાર મળી પણ જાય છે, ના જ મળે એવુંય નથી, પણ એમાં ખરાબ શું છે? જે વ્યક્તિને આપણે સારી રીતે ઓળખીએ છીએ એ વ્યક્તિ સાથે લગ્ન કરવું એ બે-ચાર મુલાકાતમાં મળેલી વ્યક્તિને લાઇફ પાર્ટનર બનાવવા કરતાં તો યોગ્ય જ ગણાય ને?

ઘરનાનો વિરોધ હોય, આજુબાજુના સમાજને આ ગમતું ના હોય તોય આજની પેઢી આ બાબતે કોઇનેય ભાવ આપતી નથી. છોકરીઓને બોયફ્રેન્ડ હોય છે અને છોકરાઓને ગર્લફ્રેન્ડ. એ બધા એક સાથે હરેફરે છે, જમે છે, પાર્ટીઓ કરે છે, સિનેમા જુએ છે, ધમાલ મસ્તી કરે છે, સ્પોર્ટ્સ અને નાટ્યમાંય સાથે કામ કરે છે. ભણવામાંય એકબીજાને મદદરૂપ થાય છે. પ્રસંગોપાત એકબીજાને મદદરૂપ પણ બને છે. પણ સમાજને ચાલતું નથી એવા કારણસર મૈત્રી જેવી અત્યંત સ્ફુર્તિવાન, તરલ અને નિર્મળ આનંદ લૂંટવાનો હાથ છોડી દેતાં નથી. કારણ એ મૈત્રી નથી હોતી, યારી હૈ ઇમાન મેરા, યાર મેરી જિંદગી જ હોય છે... સામાજિક બંધનો અને શારીરિક મર્યાદા સાચવીને મૈત્રી માટે ઝઝૂમતા ઘણા લોકો આપણી આસપાસ ફરે છે. છોકરીઓનાં બોયફ્રેન્ડ ખરાબ નતી હોતાં ક્યારેક છોકરીની ચોઇસ ખોટી પડે અને મૈત્રીનાં વહાણમાં સર્વસ્વ લૂંટાય છે એટલી બીકને લઇને જ દરેક મા-બાપ એમ જ કહે છે કે દીકરીઓનાં બોયફ્રેન્ડ, તોબા તોબા!!

**ચૂંટલો :**

લગ્ન પછી જયારે છોકરો કે છોકરીનાં બોયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ સંબંધ વિશે કોઇ કુશંકા જાગે તો એનો તો એક જ જવાબ છે, તો તમારી સાથે શું કામ લગ્ન કર્યા? એની સાથે જ ના કરી લેત? મિત્રતા એક અનોખો સંબંધ છે અને એ સમજવાંય મિત્રો જોઇએ.

## રૂપિયાને સ્થિર કરવા સરકાર અને આરબીઆઈએ પગલાઓ લીધા

નવી દિલ્હી, તા. ૬

રૂપિયાને સ્થિર કરવા માટે સરકાર અને આરબીઆઈ દ્વારા બનતા તમામ પગલા લેવાઈ રહ્યા છે તેવી ખાતરી આપતા નાણાં પ્રધાન પી ચિદમ્બરમે આજે કહ્યુ હતુ કે પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. વૈશ્વિક અને સ્થાનિક પરિબળો વચ્ચે રૂપિયામાં ઘટાડો થયા બાદ સરકારે સંસદમાં ખાતરી આપી હતી. સરકારે સંસદમાં ખાતરી આપી હતી કે પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. ફોરેક્સ ઉથલપાથલને રોકવા પગલા લેવાઈ રહ્યા છે. લેખિત પ્રશ્નના જવાબમાં રાજ્યસભામાં તેમણે કહ્યુ હતુકે સરકાર ઉભરી રહેલા બહારના પરિબળોને ધ્યાનમાં લઈ રહી છે. ઉંચી ખાતાકિય ખાદ્યના કારણે ચિંતા પ્રવર્તી રહી છે. ડોલર સામે રૂપિયો ઘટી રહ્યો છે. સરકારે આયાતને ઘટાડવા અને નિકાસને વધારવા ઘણા પગલા લીધા છે. આ ઉપરાંત રૂપિયાના એકસચેન્જ રેટમાં ઉથલપાથલને ડામવા તથા સીએડીને કાબૂમાં લેવા પગલા લીધા છે. રૂપિયો આજે બપોરે કારોબાર દરમિયાન ઘટીને ૬૧.૮૦ની રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો હતો. એપ્રિલ મહિના બાદથી ડોલર સામે રૂપિયામાં ૧૬ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. રૂપિયાને ટેકો આપવા સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાનો ઉલ્લેખ કરતા ચિદમ્બરમે કહ્યુ હતુ કે નિકાસકારોને લાભ મળે તે માટે પગલા લેવાયા છે. સોના પર આયાત ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. એફડીઆઈને વધારે ઉદાર બનાવવમાં આવી છે. નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસિકોને લાભ થાય તેવા પગલા લેવાયા છે. સીએડીનો ઉલ્લેખ કરતા પ્રધાને કહ્યુ હતુકે તે જાન્યુઆરી-માર્ચના ગાળામાં ઘટીને ૩.૬ ટકા થઈ છે.

## ઈદ બાદ ૧૦૦૦ કલાકની હડતાળની બોડોની ચિમકી

ગુવાહાટી, તા.૬

તેલંગાણાની રચનાની જાહેરાત કરવામાં આવ્યા બાદ અલગ બોડોલેન્ડની માંગણીને લઈને જટિલ સ્થિતિ સર્જાઈ છે. સમગ્ર ઉત્તરપૂર્વ પ્રદેશમાં હાલ વ્યાપક દેખાવો થઈ રહ્યા છે. અલગ રાજ્ય તરફી લોકો હિંસક દેખાવો પર ઉતરેલા છે. દેશના બાકીના ભાગથી સમગ્ર ઉત્તરપૂર્વ પ્રદેશનો સંપર્ક આજે કપાયેલો રહ્યો હતો. બોડો સ્ટુડન્ટ દ્વારા ઈદ બાદ ૧૦૦૦ કલાકની હડતાળની હાંકલની ધમકી આપી છે. રાજમાર્ગો પર દેખાવો થઈ રહ્યા છે. ટ્રેન સર્વિસ રોકવામાં આવી રહી છે. બોડો, કોચ, કાબરી, દિમાસાસ જેવા સમુદાયના લોકો આંદોલન પર છે. જ્યારે મેઘાલયના ગારોસ સમુદાયે ત્રિપુરામાં આદિવાસીઓ અને ગારોલેન્ડ માટે તેમની માંગણી તીવ્ર બનાવી છે. ઉત્તરપૂર્વની તમામ ટ્રેનો અટવાઈ પડી છે. ઓલ બોડો સ્ટુડન્ટ યુનિયન દ્વારા પ્રાયોગિક રેલ રોકોના કારણે હજારો યાત્રીઓ અટવાઈ પડ્યા છે. આસામ અને બંગાળ સરહદ પર જરૂરી પૂરવઠા સાથેની ટ્રકો રોકવામાં આવી છે. આ સંગઠનોએ કહ્યુ છેકે જો કેન્દ્ર સરકાર બોડોલેન્ડ માટેની માંગણી માટે વાતચીતમાં બોડો નેતાઓને આમંત્રણ નહીં આપે તો ઈદ બાદ ૧૦૦૦ કલાકના બંધની હાંકલ કરવામાં આવશે. ૪૮ કલાકની હડતાળથી હાલ જનજીવન ઠપ થયેલું છે. તેલંગાણાની જેમ જ અલગ રાજ્યની માંગણીને લઈને આસામમાં હજુ પણ અજંપાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે. ગઈકાલે છૂટી છવાયેલી હિંસાઓ થયા બાદ આજે સ્થિતિ શાંતિપૂર્ણ રહી હતી. જો કે તમામ જગ્યાઓએ મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

અલગ બોડોલેન્ડની માંગણીને લઈને જુદા જુદા સંગઠનો દ્વારા આપવામાં આવેલા બંધના લીધે જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું છે. આસામના નીચાણવાળા વિસ્તારો અને કારબી એંગલોંગમાં સૌથી જટિલ સ્થિતિ રહી હતી અને અહીં હિંસાના છુટા છવાયા બનાવ બન્યા હતા. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી.